નં. આરટીઆઈસેલ/
તારીખઃ – ૨–૨૦૧૦

**પ્રતિ,**
શ્રી દિપક પટેલ,
૪૭, નવીશકિત વિજય સોસા.,
વરાછારોડ,સુરત.

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ આપની તા.૧૪–૧૨–૦૯ ની અરજીથી મુદ્દા નં.ર.૧શ્રી રામકુમાર યાદવના માસિક પગાર ભથ્થાની રકમ પગારના ખાતા નંબરની માહિતી, કર્મચારીની સ્થાવર જંગમ સ્થાયી અસ્થાયી મિલ્કત સંબંધી પ્રમાણીત દસ્તાવેજોની મંદ્દા નં.ર.૧ થી ર.૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** આપની તા.૧૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૪૫/૨૦૦૯–૧૦

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આપની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને અરજી કર્યાની મુળ અરજીની નકલ, ,ફી ભર્યાની વિગત, માહિતી મળેલ છે કે નહીં? તેની વિગત જો મળેલ હોય તો તેના આધાર અને વાજબીપણું સહિતના કાગળો માહિતી અધિકાર અધિનિયમ રાજયના નિયમ–૬ મુજબ ઉપરોકત તમામ હકીકતો અપીલ અરજીના ફોર્મમાં જણાવી અપીલ સાથે તેની નકલો સમર્થનમાં મોકલવી આવશ્યક હોઈ જે આપના કિસ્સામાં તેમ કરવામાં આવેલ ન હોઈ તથા જો જાહેર માહિતી અધિકારીને મુળ અરજી કરેલ ન હોય તો અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોવાથી. આપની અપીલમાં મુદ્દા નં.ર.એ થી ડી નો ઉલલેખ કરેલ. જયારે અત્રે મોકલેલ અરજીની નકલમાં ર ના એ થી ડી જણાતી નહીં હોવાથી તે અંગે સ્પષ્ટતા કરવા તેમજ સઘળી વિગતો અત્રેની કચેરીએ દિન–પ માં મોકલી આપવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૧૪ તા.૨૮–૧–૧૦ થી પત્ર પાઠવવામાં આવેલ.

જેના અનુસંધાને આપના તરફથી તા.૧૦–૨–૧૦ ના રોજ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. જેમાં સદર અપીલ અરજી બાબતે શરતચૂકથી શ્રી રામકુમાર યાદવની માહિતી સબંધી પત્રો જમા કરાવવામાં આવેલ જે જાણ થતાં તમારા તરફથી તા.૨૭–૧–૧૦ ના રોજ પુનઃ તમામ પત્રો, માહિતીની અરજી નાણા ભર્યાની રસીદ સાથે અપીલ કરવામાં આવેલ. જે અંગે વિગતે તા.૧૪–૧૨–૦૯ ની માહિતી સબંધે અપીલ નં.૩૭૮ તા.૨૭–૧–૧૦ કાર્યવાહીમાં છે. આમ તમોએ શ્રી યાદવના મોકલેલા કાગળો અંગે અપીલનું કારણ ઉત્પન્ન થતું ન હોઈ અપીલ નં.૩૪૫ બાબતે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ડેપ્યુટી કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગરપાલિકા

પ્રતિઃ– શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) જાણ તથા અમલ માટે....